ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૮/૨૩–૨૪/ 1623 તારીખ : 27 DEC 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે.જી.એચ.સી.એલ.લીમીટેડ,**
એસ.એમ.સી.ડિવિઝન,
પોર્ટ વિકટર, તા.રાજુલા,
જી.અમરેલી–૩૬૫૫૫૫.

કેસ નં.૪૮/૨૩–૨૪

**મો.નં– ૭૫૭૪૮ ૧૦૪૭૬**

**વિષય :** **ફોલ્ટી મીટરનું ખોટું બિલ રદ કરી આપવા બાબત.**

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.૨૦/૦૯/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૨૧/૦૯/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૮/૨૩–૨૪/૧૩૫૯ તા.૨૨/૦૯/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૮/૨૩–૨૪/૧૪૬૦ તા.૨૫/૧૦/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૫/૨૩–૨૪/૧૫૩૧ તા.૦૨/૧૨/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૧/૧૨/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

**પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,**
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સાવરકુંડલા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી, **રાજુલા.**

Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૪૮/૨૩–૨૪**

**વાદી :– મે.જી.એચ.સી.એલ.લીમીટેડ**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખ:– તા.૧૧/૧૨/૨૦૨૩**

**વાદી :– શ્રી વિશાલભાઈ ભરતભાઈ ત્રિવેદી (વાદીના પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સાવરકુંડલા. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.જી.એચ.સી.એલ.લીમીટેડ, મું.પોર્ટ વિકટર,તા.રાજુલા, જી.અમરેલીની ફોલ્ટી મીટરનું ખોટું બિલ રદ કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૮/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૮/૨૩–૨૪/૧૩૫૯ તા.૨૨/૦૯/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૮/૧૧/૨૦૨૩ તેમજ તા.૧૧/૧૨/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **તા.૦૮/૧૧/૨૦૨૩** વાદી હાજર રહેલ નહી જયારે **તા.૧૧/૧૨/૨૦૨૩** મે.જી.એચ.સી.એલ લીમીટેડ વતી તેમના પ્રતિનિધિ શ્રી વિશાલભાઈ ભરતભાઈ ત્રિવેદી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સાવરકુંડલા ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજૂઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર શ્રી જી.એચ.સી.એલ લીમીટેડ રાજુલા તાલુકાના કશીવદર ગામે ઔધોગિક હેતુ માટેનું વીજ કનેકશન ગ્રાહક નં–૮૫૩૫૫/૦૦૪૨૪/૫ થી ૯૦ કિ. વો. થી ટેરીફ એલ.ટી.એમ.ડી કનેકશન ધરાવે છે. મીટર મેક સિકયોર કંપની મીટર નંબર–૦૯૭૭૩૬ કેપેસિટી ૨૦૦/૫ એ.એમ.એફ–૧ છે.

૧.૨ જી.એચ.સી.એલ લીમીટેડ કંપની ૧૬ એલ.ટી અને ૩ એચ.ટી કનેકશન ધરાવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ અરજદારશ્રી દ્વારા સદર વીજ–કનેકશનનું વીજમીટર ફોલ્ટી હોવા અંગે અને મીટર બદલવા માટે તા.૨૯.૦૪.૨૦૨૨ના રોજ અરજી કરેલ. પરંતુ, સદર વિજ મીટર ૯૭૭૩૬ તા.૨૬.૦૯.૨૦૨૨ ના રોજ બદલવામાં આવેલ છે.

૧.૪ તા.૧૫.૧૧.૨૦૨૨ ના રોજ સાવરકુંડલા વિભાગીય કચેરી ખાતે આવેલ લેબોરેટરીમાં ગ્રાહકના પ્રતિનિધીની હાજરીમાં ખોલતા ''બી '' ફેઈઝ સીટી મીસીગ આવેલ હોવાથી ૩૩% સ્લોનેસનું પુરવણી બીલ આપવામાં આવેલ હતું.

૧.૫ પુરવણી બીલ ઓકટોબર–૨૦૨૧ થી સપ્ટેમ્બર–૨૦૨૨ સુધીનું આપવામા આવેલ છે. પરંતુ, વિજ મીટર એપ્રિલ–૨૦૨૨ માં ફોલ્ટી થયેલ હતું. ઓકટોબર–૨૦૨૧ થી માર્ચ –૨૦૨૨ સુધી અમો નિયમીત રીતે રેગ્યુલર બીલ ભરપાઈ કરતા હતા. આથી, પુરવણી બીલ એપ્રિલ – ૨૦૨૨ થી સપ્ટેમ્બર– ૨૦૨૨ સુધીનું બીલ કે જે પી.જી.વિ.સી.એલ કંપની દ્વારા વિજ મીટર ફોલ્ટ હોવા બાબતની ફોલ્ટી મીટરની રીમાર્કસ સાથે એવરેજ બીલ આપવામાં આવેલ છે. તે મુજબ એપ્રિલ–૨૦૨૨ થી મીટર બદલ્યા તારીખ સુધીનું સ્લોનેસનું બીલ આપવા પાત્ર થાય છે તો આખા એક વર્ષનું શા કારણોસર આપવામાં આવેલ છે ?

૧.૬ ઉપરોકત વાંધા સાથે તા.૨૭.૦૩.૨૦૨૩ ના રોજ એપ્રિલ–૨૦૨૨ થી સપ્ટેમ્બર–૨૦૨૨ સુધીનું સ્લોનેસનું પુરવણીબીલ એમ કુલ રકમ રૂ.૬,૫૦,૦૦૦/– ભરપાઈ કરેલ છે.

૧.૭ આમ, અરજદાર દ્વારા આ બાબતે અવાર નવાર રજુઆત કરતા તેમને યોગ્ય નિર્ણય ન મળતા તેમજ અરજદારને આપવામાં આવેલ પુરવણી બિલમાં સુધારો કરી સદર કેસને બંધ કરવા તેમની રજુઆત છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી જી.એચ.સી.એલ લીમીટેડ રાજુલા તાલુકાના કથીવદર ગામે ઔધોગિક હેતુ માટેનું વીજ કનેકશન ગ્રાહક નંબર–૮૫૩૫૫/૦૦૪૨૪/૫ થી ૯૦ કિ.વો.થી ટેરીફ એલ.ટી.એમ.ડી કનેકશન ધરાવે છે. મીટર મેક સિકયોર કંપની મીટર નંબર–૦૯૭૭૩૬ કેપેસીટી ૨૦૦/૫ એ.એમ. એફ– ૧ છે.

૨.૨ સદર વિજ મીટર ૯૭૭૩૬ તા.૨૩.૦૩.૨૦૧૫ ના રોજ મુકવામાં આવેલ છે.

૨.૩ જી.એચ.સી.એલ લીમીટેડ ગ્રાહક નંબર–૮૫૩૫૫/૦૦૪૨૪/૫ નું પેરામીટર શીટ તા.૨૪/૩/૨૦૨૧ ના રોજ ચેક કરેલ છે.

૨.૪ એપ્રિલ–૨૦૨૨ થી પી.જી.વી.સી.એલ કંપની દ્વારા વીજ મીટર ફોલ્ટ હોવા બાબતની ફોલ્ટી મીટર ની રીમાર્કસ સાથે એવરેજ બીલ આપવામાં આવેલ છે.

૨.૫ સદર વિજ મીટર ૯૭૭૩૬ તા.૨૬.૦૯.૨૦૨૨ ના રોજ બદલવામાં આવેલ છે.

૨.૬ સદર વિજ મીટરનું ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં લેબ પરીક્ષણ કરતા તા.૧૫.૧૧.૨૦૨૨ ના રોજ લેબ રીપોર્ટ નંબર–૧૮૩૧૦ થી કરવામાં આવેલ છે. જે મુજબ ''બી '' ફેઈઝ ની સી.ટી કોઈલ નો છેડો મીટરના ટર્મિનલ બ્લોક થી ડીસ કનેકટ થયેલો છે. તેથી સદર ફેઈઝ સાથે જોડાયેલ વિજભારનો વિજ વપરાશ મીટરમાં નોંધાતો અટકેલ છે. આમ, સદર વિજ મીટરમાં વિજ વપરાશ ની યુનીટની નોંધણી ૩૩% થતી ન હતી.

P.G.V.C.L. ...nagar. ...dressal Fo...

૨.૭ લેબોરેટરી ખાતે તા.૧૫.૧૧.૨૦૨૨ ના રોજ વિજ મીટરનો એમ.આર.આઈ રીપોર્ટ ડાઉનલોડ કરવા પ્રયત્ન કરેલ. પરંતુ, એમ.આર.આઈ રીપોર્ટ લઈ શકાયેલ નથી. તેમજ વીજ મીટર મેન્યુફેકચરીંગ કંપની '' સિકયોર કંપની '' ને એમ.આર.આઈ રીપોર્ટ ડાઉનલોડ કરવા માટે મોકલેલ જે રીપોર્ટ તા.૨૩.૦૩.૨૦૨૩ ના રોજ મળેલ હતો.

૨.૮ એપ્રિલ–૨૦૨૨ થી જુન–૨૦૨૨ સુધી પી.જી.વી.સી.એલ કંપની દ્વારા વિજ મીટર ફોલ્ટ હોવા બાબતની ફોલ્ટી મીટરની રીમાર્કસ સાથે માસીક એવરેજ બીલ ૫૫૭૬૦ યુનીટ આપવામાં આવેલ છે તેમજ ફોલ્ટી રીડીંગ ૧૬૯૬૬૦૭ KWH છે.

૨.૯ એમ.આર.આઈ રીપોટ મુજબ છેલ્લા રીડીંગ ૧૭૪૪૧૫૭ KWH છે તેમજ રીપોર્ટમા તા.૨૩.૦૩.૨૦૨૨ ના રોજ L3 મીસીંગ નોંધાયેલ છે.

☛ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ અરજદાર મે જી.એચ.સી.એલ. લીમીટેડ, પોર્ટ વિકટર, તા. રાજુલા ગ્રા નં.– ૮૫૩૫૫/૦૦૪૨૪/૫ થી ૯૦ કી.વો.નું એલ.ટી.એમ.ડી વીજ કનેકશન ધરાવે છે. તથા પ્રતિવાદી પી.જી.વી.સી.એલ દ્વારા તેમને આપવામાં આવેલ ૩૩% સ્લોનેસના રૂા.૧૭,૦૮,૧૦૬/૪૦ ના વીજ બીલ સામે તકરાર થતાં ફોરમ ને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજીની રૂબરૂ સુનાવણી માટે તા.૦૮.૧૧.૨૦૨૩ ના રોજ પ્રથમ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં, વાદી ઉપસ્થિત રહી શકેલ નહી, પ્રતિવાદી હાજર રહેલ. આજરોજ તા.૧૧.૧૨.૨૦૨૩ ની બીજી સુનાવણીમાં બન્ને પક્ષકારો હાજર છે. તથા તેમની જુઆતો કરેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસની વિગત મુજબ અરજદારના સદરહુ કનેકશન ફોલ્ટી હોવાનું જણાતાં અરજદાર દ્વારા તા.૨૯.૦૪.૨૦૨૨ ના રોજ પ્રતિવાદીની કચેરીમાં અરજી કરેલ હતી, જે પ્રતિવાદીએ તા.૨૬.૦૯.૨૦૨૨ ના રોજ બદલવામાં આવેલ, અને ગ્રાહકશ્રી ની હાજરીમાં તા.૧૫.૧૧.૨૦૨૨ નાં રોજ પરિક્ષણ કરવામાં આવેલ, લેબ રીપોર્ટ મુજબ "B" ફેઈઝની સી.ટી. કોઈલનો છેડો મીટરનાં ટર્મીનલ બ્લોકથી ડીસકનેકટ થયેલ માલુમ પડેલ, જેને લઈને ૩૩% વીજ વપરાશ ઓછો નોંધાતો હોવાનું જણાય છે. મીટરનો એમ.આર.આઈ રીપોર્ટ ડાઉનલોડ થઈ શકેલ નથી અને પ્રતિવાદી દ્વારા ૧ વર્ષનું પુરવણી બીલ વાદીને આપવામાં આવેલ.

૩.૪ આ પુરવણી બીલ સામે અરજદાર દ્વારા વાંધો લેવાતા પ્રતિવાદીએ મીટરને વીજ મીટર મેન્યુફેકચરીંગ કંપની 'સીકયોર' કંપનીમાં એમ.આર.આઈ રીપોર્ટ માટે મોકલાવેલ, જેમાં પણ કાયમી ધોરણે કરન્ટ મિસીંગ ઈવેન્ટ તા.૧૦.૦૨.૨૦૨૨ થી જોવા મળેલ છે. આ દરમ્યાન વાદીને આપવામાં આવેલ એવરેજ વાદીએ ભરી આપેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૫ ઉપરોક્ત બીલીંગ રેકર્ડ, એમ.આર.આઈ રીપોર્ટ અને રજુઆતોને ધ્યાને લઈને ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે, પ્રતિવાદી પી.જી.વી.સી.એલ એ વાદીને GERC ના નોર્મ્સ પ્રમાણે બીલ ન આપતાં વધુ સમયનું તફાવતનું પુરવણી આપેલ છે. જે નિયમોનુસાર નથી.

૩.૬ આથી હુકમ કરવામા આવે છે કે, પ્રતિવાદીએ વાદીને આપેલ રૂ.૧૯,૭૭,૪૦૨/૨૪ નું ઓડીટેડ બીલ રદ કરવું અને એમ.આર.આઈ રીપોર્ટ મુજબ જે રીડીગ આવેલ છે તે રીડીંગ ને જ આધારભૂત ગણી ને છ માસ માટે જે રીડીંગનો તફાવત આવે તેમાં ૩૩% સ્લો નેસ ના યુનિટ ઉમેરીને જે આંકડો આવે તે મુજબ નું જ બીલ બનાવવું અને અગાઉ ભરેલ રકમની સામે નવીન રકમ બાદ આપવી તેમજ રીફંડ કરવા પાત્ર રકમ હવે પાછીના બીલમાં જમાં આપવી.

**<u>-:: હુકમ ::-</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં "૩.૬" મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન-૩, ત્રીજે માળ, બ્લોક નં-૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (શ્રી જે.એમ મહેતા) | (ગેરહાજર) | (એન.સી.મકવાણા) |
| સ્વતંત્ર સભ્યશ્રી | (બી.આર. વડાવીયા) | અધ્યક્ષશ્રી, |
| | ટેકનીકલ સભ્યશ્રી | ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ |
| | | પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :- **૧૧/૧૨/૨૦૨૩.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.